Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૧ | માર્ગશીર્ષ | પુસ્તક ૪૨ મું.

વિક્રમ સં. ૨૦૦૧ | :: ઇ. સ. ૧૯૪૪ ડીસેમ્બર :: | અંક ૫ મો.

## શ્રી સંભવજિન સ્તવન.

( રાગ–શીતળ છે તે દાહક પણ છે. )

**મંગલ**દર્શન **સંભવ**જિનનાં, પ્રેમલ ઉર અમારાં;
અંતરયામી છો શુભ નામી,
પ્રભુચરણો અતિ પ્યારાં મંગલ. ૧
શરણ વસું દિનરાત તમારાં, શિવપુર ધામને આપો;
અમર ઉરમાં વાસ કરો પ્રભુજી, જન્મ મરણ દુઃખ કાપો;
**લક્ષ્મીસાગર-અજિત**પદને,
**ચાહે જિનજી પ્યારાં**. મંગલ. ૨

રચયિતા-**મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ**
**પ્રાંતિજ**

---

## વીર-વિભુની સ્તુતિ.

( રાગ–પૂજારી મોરે મંદિરમેં આયે. )

**વીરપ્રભુ** મનઃમંદિરમેં આવો, હૃદયકમળ વિકસિત
કરનેકો–રવિ સમ જ્યોતિ દીખાવો–ટેક.
વીરસ્વામીકી કરો સેવા, નેહ સુધા વર્ષાવો;
નરનારી સર્વ મીલ કરકે, ગુણ વીરપ્રભુકે ગાઓ. વી૦
**વીરપ્રભુકી** મુદ્રા નિહાળી, ભવસાયરમેં તારનહારી;
વીર સમ ઓર ન કોઈ મેરી, પાર ઉતારનહારો. વી૦
ભવદુઃખ ભય અતિ મનરંજન, મને શરણું વીરકો આવો;
શાંત ભાવકી મસ્ત પ્યાલી, પીવો ઓર પીલાવો. વી૦
વીરપ્રભુની અમોઘ વાણી, સુનો ઓર સુનાવો;
કળા સૌ બંધુ અર્જ કરત હૈ, હાથ જોડે પ્રભુકે ગુણ ગાવો.
નિશદિન સેવા આપો સ્વામી, વેગે દર્શન દીખાવો;
"**લક્ષ્મીસાગર**"કહે પ્રભુ **વીરઘટ**મેં દર્શન ફેરફેર આપો.

---

## પેપર કન્ટ્રોલ ધારો : નમ્ર સૂચના.

ગયા માસની તા. ૧૫ મીથી ભાવનગર-રાજ્યમાં કાગળ (કન્ટ્રોલ) ધારો લાગુ થવાથી ન્યુસ પ્રીન્ટીંગ ન વાપરતાં માસિકો વગેરેને તેની આગલની વપરાશના ત્રીશ ટકા કાગળ વાપરવાનો હુકમ થયો છે એટલે અમારે તે કાયદાને માન આપી આત્માનંદ પ્રકાશના પાના ઘટાડવા પડ્યા છે. આવી રીતે પૃષ્ઠો ઘટી જતાં દરેક લેખકોને સ્થાન ન મળે તે સ્વાભાવિક છે તે માટે લેખકો ક્ષમા આપશે. પરિસ્થિતિ હતી તેવી થતાં શ્રી આત્માનંદ પ્રકાશ તેના સૌંદર્યતા અને પૂર્વ સ્વરૂપમાં આવશે. વિશ્વયુદ્ધ શરૂ થતાં તરત જ અઢી આને રતલ કાગળના ભાવના બે રૂપીયા રતલના થયાં છતાં આગલા સુંદર સ્વરૂપમાં માસિક ચાલુ રાખ્યું તેના અંગે ભેટની બુકો આપવાનું કામ તેજ સ્વરૂપે ચાલ્યું રાખ્યું તેમ કરતાં આત્માનંદ પ્રકાશખાતે આજે પાંચ વર્ષ થયા તોટો મોટી રકમનો પડવા છતાં જેમ તેનું લવાજમ વધાર્યું નથી તેમ તેના ખોટને પહોંચી વળવા ફંડ કરવાની માંગણી કરી નથી; કારણ કે સભામાં દર મહિને નવા સભ્યોની વૃદ્ધિનું લવાજમ અને ગ્રંથો વેચાણનો નફો આવવાથી આ સભા ને સભ્યો અને સુજ્ઞ ગ્રાહકો પાસેથી તે માટે પૈસા લઈ ફંડ કરવું યોગ્ય ન લાગ્યું તે આ સભાના દર વર્ષે પ્રગટ થતાં રિપોર્ટપરથી જાણી શકાય તેવું છે. આવી સંસ્થાઓને બીજી રીતે આવક હોય ને એક ખાતે અસાધારણ સંયોગે થોડા સમય માટે તોટો પડે તે માટે ફંડ કરવું તે ખાતે પૈસા લેવા આ સભાને યોગ્ય લાગ્યું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# -: વિશુદ્ધ ધર્મ :-

મૈત્રીનો આદેશ ઉચ્ચાર્યો, શ્રી વીતરાગ જિનેશ્વરે.
**माकार्षित् कोऽपि पापानि, मा च भूत् कोऽपि दुःखितः ।**
**मुच्यतां जगदप्येषा, मतिर्मैत्री निगद्यते ॥ १ ॥**
સર્વના ગુણ નિહાળીને હર્ષ પામે હૈયું એ દિવ્ય પ્રમોદ ભાવના.
દુઃખીના દુઃખ જોઈ ઉપજે કારુણ્ય ભાવ તે કરુણા ભાવના.
પાપી અને અધર્મી તરફ ઉપજે સમભાવ તે માધ્યસ્થ ભાવના.
જૈનધર્મની ભાવનાઓનો જિનેશ્વરરૂપી રવિ દેવથી પ્રગટે;
જે પરમ વિકાસ એ જ માનો, મહાનુભાવો આત્મ ધર્મ વિકાસ.

રાજેન્દ્રો, સુરેન્દ્રો, નર, કિન્નરો, મનોહર ને નિર્મળ હેમ સમ પુનિત;
જયવન્ત ને અજિત જિનેશ્વર પદે નમે છે પ્રફુલ્લહૃદયે પળે પળે.
સર્વદા પ્રચાર હો અખિલ વિશ્વે ભગવતી શારદા જિનવાણીનો.
ઇચ્છો કદિ પરમ પદ, વિસ્તૃત કીર્ત્તિ અથવા આ જગતે;
લોકોદ્ધારક સાચાં, આદરકર શુભ જિન વચને.
જૈનધર્મની પ્રસરો સુવાસ સર્વત્ર, ને પ્રાપ્ત હો તે પ્રત્યેક ભવિને.

વૃદ્ધિ હો દિને દિને આત્મધર્મ વિકાસની,
ભાવના ભરી સુવાસમાં, લાખો હો પ્રણામ એ;
જિનેશ્વરરૂપી ધર્મ વિકાસી, રવિ દેવ ચરણે;
જે અર્પે છે અધિક તર તેજ પૂંજપવિત્ર જૈનધર્મને,
ને પ્રાપ્ત હો અધિકતર દિવ્ય આત્મધર્મ વિકાસ.
એ જ સત્ય સનાતન જૈનધર્મ.

**जंपिज्जइ पियवयणं, किज्जइ विणआय दिज्जए दाणं ।**
**परगुणगहणं किज्जइ, अमूलमंतं वसीकरणं ॥**
પ્રિયવચની ને વિનયી, દાની ને વળી અન્ય ગુણ જ્ઞાતા;
વશ થાયે જગ જેથી, મંત્ર વિનાના વશીકરણી થાતા.

**शिवमस्तु सर्वजगतः, परहितनिरता भवन्तु भूतगणाः ।**
**दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवतु लोकः ॥**
શુભ હો સર્વે જગનું, પરહિતમાં તત્પર હો જન સર્વે;
નાશ બનો સૌ દોષો, સઘળાં સુખે રાચો હર્ષે.

રચયિતા—**મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ-પ્રાંતિજ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરમાર્થસૂચક વસ્તુ વિચારસંગ્રહ.

મુનિ૦ પુણ્યવિજય ( સંવિજ્ઞપાક્ષિક )

( પૃષ્ઠ ૭૭ થી શરૂ )

મહંતતાના અભિમાની એવા વાચાળ મનુષ્યો અને ઘટાટોપ વાદળ ફેલાવતો પણ ખાલી ગર્જના કરતો એવો મેઘ તો ઠામ ઠામ છે, પરંતુ જેનું હૃદય કેવળ ધર્મબુદ્ધિથી ભીંજાયું છે, આત્મજ્ઞાને કરી સહિત છે, તથા સંસાર પરિણામી આત્માઓને સંસાર દુઃખથી મુકત કરવાની અંતરંગ સાચી ઈચ્છા જ માત્ર છે એવા ઉત્તમ મનુષ્યો અને વર્ષા કરવાવાળા મેઘ એ બે જગતમાં બહુ દુર્લભ છે. ૧૪૫

તત્ત્વજ્ઞાની મહાત્માઓએ આપેલો ઉપદેશ જો વારંવાર વિચારવામાં આવે અને હૃદયમાં સારી પેઠે સ્થાપવામાં આવે તો જ ઉત્તમ ફળ આપે છે. જે પુરુષ અનાદરથી ઉપદેશના અર્થને ધારે નહિ તેને તે ઉપદેશ કાંઈ પણ ફળ આપતો નથી. ૧૪૬

પોતાની રુચિવડે પોતાની બુદ્ધિથી જ વિચાર કરીને જ્યાં સુધી જાણવા યોગ્ય વસ્તુ જાણી ન હોય, ત્યાંસુધી તે વસ્તુની પ્રાપ્તિ થતી નથી. ૧૪૭

જ્યારે મનનની ટેવ પડે છે ત્યારે જ વસ્તુ રહસ્ય સમજાય છે. મનન કર્યા વગર વસ્તુસ્થિતિ સમજાતી નથી, આત્મજાગૃતિ સ્ફુરાયમાન થતી નથી, વાંચેલો વિષય અંતરંગમાં જરાપણ અસર કર્યા વગર ઉપર ઉપરથી ચાલ્યો જાય છે. એક અંગ્રેજ વિદ્વાને ખરું કહ્યું છે કે–' પાંચ મિનિટ વાંચો ને તેના પર પંદર મિનિટ વિચાર કરો ' આવી રીતે મનન કરવાની ટેવ પડશે ત્યારે જ ખરેખરો સાર શોધી શકાશે. ૧૪૮

જો વાંચન, પરિચય, નિદિધ્યાસન હોય તો તેમાંથી કાંઇ ને કાંઇ સમજવાનું, વિચારવાનું, આદરવાનું અને મનન કરવાનું જરૂર મળી આવે છે. ક્રિયામાર્ગની સાથે જ્ઞાનમાર્ગ સાધવાથી યથાર્થ ફળની પ્રાપ્તિ થાય છે. ૧૪૯

જ્ઞાન અને ક્રિયા એકલા કોઈપણ વખત રહી શકતા નથી. કોઇ વખત જ્ઞાનની મુખ્યતા તો ક્રિયાની ગૌણતા અને ક્રિયાની મુખ્યતા તો જ્ઞાનની ગૌણતા પણ બન્ને જોડું કાયમ સાથે જ રહે છે; છતાં જ્ઞાનમાર્ગ અને ક્રિયા માર્ગ કહેવાનો આશય જ્ઞાનની મુખ્યતા તે જ્ઞાનમાર્ગ અને જેમાં ક્રિયાની મુખ્યતા તે ક્રિયામાર્ગ એ જ છે. ૧૫૦

જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ થાય છે. તે બન્નેમાંથી એકનો પણ નિષેધ કરનાર મોક્ષનો સાધક થઇ શકતો નથી; કારણ કે ક્રિયા એ વીર્યની વિશુદ્ધિરૂપ છે અને જ્ઞાન એ ચેતનાની વિશુદ્ધિરૂપ છે. જ્યારે ચેતના અને વીર્યની વિશુદ્ધિ થાય ત્યારે જ સર્વ સંવરરૂપ મોક્ષ થાય છે. ૧૫૧

માત્સર્ય ભાવ રહિત અને પાપકાર્ય પ્રતિ તિરસ્કાર સહિત ગાંભીર્યતા ને ધૈર્યતા એ બન્ને પવિત્ર આશયયુકત જેમાં દાક્ષિણ્યપણું હોય તો જ તેનું સત્ય દાક્ષિણ્યપણું કહેવાય; અન્યથા એ બન્ને આશય વિનાનું દાક્ષિણ્યપણું ભદ્રિક આત્માને મારનારું કાતિલ શસ્ત્ર જાણવું. ૧૫૨

જેમને પામવા યોગ્ય આત્મસ્વરૂપ પ્રાપ્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયું છે. એટલે જગતના અન્ય પદાર્થો પરથી જેમની આસક્તિ નષ્ટ થઇ છે, તેથી હાનાદાન–ત્યાગવાનું અને ગ્રહણ કરવાનું કાંઇ રહેતું નથી આવી રીતે ઈષ્ટ–અનિષ્ટ વસ્તુના અભાવે મહાત્મા મુનિઓને ઉદાસીનતા હોય છે. ૧૫૩

બાહ્ય અને અભ્યંતર એકસરખી પ્રવૃત્તિ હોય, તથા સ્વરૂપની મુખ્યતા સહિત ક્રિયામાં પ્રવૃત્તિ હોય–જેમાં આત્માની અધિકતા સિવાય બીજું કાંઇ ન હોય તેને અધ્યાત્મ કહેવાય છે. ૧૫૪

જે આત્મા જેવો છે તેવો પ્રકાશે એટલે પોતે જાણે, અનુભવે અને લોકોને સમજાવે તે જ માત્ર અધ્યાત્મી જાણવા. ૧૫૫

જેમ મનુષ્યો જ્યાં ત્યાં મસ્તકને ઝુકાવતા નજરે પડે છે તેમ દેવતાઓ કરતાં નથી. તેઓ તો ખાસ ગુણ દેખીને જ નમન કરે છે, કારણ કે મનુષ્યો કરતાં તેમનામાં વિવેકબુદ્ધિ વિશેષ હોય છે. ૧૫૬

પાશવીય ૧, ધર્માન્ધ ૨, વિવેકશૂન્ય ૩, શારીરિક ૪, સ્વાર્થ ૫, વૈકારિક ૬, અનાર્ય ૭, ઇન્દ્રજાલ ૮, વિષયપ્રેમ ૯, અવિવેક ૧૦, ચલ ૧૧, વ્યક્તિપ્રેમ ૧૨, સાધ્યશૂન્ય ૧૩, નૈતિક ૧૪, ક્ષયિક ૧૫, નિ:સાર ૧૬, ધર્મ–બીજ ૧૭, પૂર્વસંસ્કાર ૧૮, ગુણપ્રેમ ૧૯ અને આત્મિકપ્રેમ ૨૦ આ વીસ જાતના પ્રેમ છે. પ્રથમના સોળ પ્રેમ સંસારવૃદ્ધિના હેતુ છે, છેલ્લા ચાર પ્રેમ મુક્તિના ઉત્તરોત્તર કારણરૂપ છે. ધર્મબીજ પ્રેમની સામાન્યથી માર્ગાનુસારી-પણાથી શરૂઆત થાય છે, અને વિશેષથી સમ્યક્ત્વથી શરૂઆત સમજવી. આ પ્રેમ સિવાય ધર્મની શરૂઆત થતી જ નથી. ૧૫૭

પક્ષપાત વિનાનો જે વિશેષજ્ઞ હોય તે જ વિશેષજ્ઞ જાણવો. પક્ષપાતી વસ્તુની બરાબર પરીક્ષા કરી શકતો નથી અને પોતે જે વાત માની લીધી હોય તેનું સમર્થન કરે છે. ૧૫૮

સર્વ જિનમતનું ચિહ્ન સ્યાદ્વાદ છે ‘ સ્યાત્ ’ પદનો અર્થ ‘ કથંચિત્ ’ છે, માટે જે ઉપદેશ હોય તેને સર્વથારૂપ ન જાણી લેવો પણ ઉપદેશના અર્થને જાણી ત્યાં આટલો વિચાર કરવો કે–આ ઉપદેશ કયા પ્રકારે છે? કયા પ્રયોજન સહિત છે? અને કયા જીવને કાર્યકારી છે? ઇત્યાદિ વિચાર કરીને અર્થ ગ્રહણ કરવો. ૧૫૯

જ્ઞાનીની વાણી પૂર્વાપર અવિરોધ, આત્માર્થ ઉપદેશક, અપૂર્વ અર્થનું નિરૂપણ કરનાર હોય છે અને અનુભવ સહિતપણું હોવાથી આત્માને સતત જાગૃત કરનાર હોય છે. ૧૬૦

જ્યાં સુધી બને ત્યાં સુધી જ્ઞાની પુરુષના વચનને લૌકિક આશયમાં ન ઉતારવાં અથવા લોકોત્તર દષ્ટિએ વિચારવા યોગ્ય છે અને જ્યાં સુધી બને ત્યાં સુધી લૌકિક પ્રશ્નોત્તરમાં પણ વિશેષ ઉપકાર વિના પડવું ન ઘટે, તેવા પ્રસંગો-થી કેટલીક વાર પરમાર્થદષ્ટિ ક્ષોભ પમાડવા જેવું પરિણામ આવે છે. ૧૬૧

યમ–નિયમાદિ જે સાધનો સર્વ શાસ્ત્રમાં કહ્યાં છે તે નિજસ્વરૂપની પ્રાપ્તિ અર્થે છે, કેમકે તે સાધનો પણ કારણને અર્થે છે. તે કારણ આ પ્રમાણે છે–આત્મજ્ઞાન રહી શકે એવી પાત્રતા પ્રાપ્ત થવા, તથા તેમાં સ્થિતિ થાય તેવી યોગ્યતા થવા આવા એ કારણો ઉપદેશ્યા છે. તત્ત્વજ્ઞા-નીએ એથી એવા હેતુથી એ સાધનો કહ્યા છે, પણ જીવની સમજણમાં સામટો ફેર હોવાથી તે સાધનોમાં જ અટકી રહ્યો અથવા તે સાધન પણ અભિનિવેશ પરિણામે ગ્રહ્યા. આંગળીથી જેમ બાળકને ચંદ્ર દેખાડવામાં આવે તેમ તત્ત્વજ્ઞાનીઓએ એ તત્ત્વનું તત્ત્વ કહ્યું છે.

નિજ કલ્પનાએ જ્ઞાન–દર્શન–ચારિત્રાદિનું સ્વરૂપ ગમે તેમ સમજી લઇને અથવા નિશ્ચય-નયાત્મક બોલો શીખી લઈને સદ્વ્યવહાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોપવામાં જે પ્રવર્ત્તે તેથી આત્માનું કલ્યાણ થવું સંભવતું નથી અથવા કલ્પિત વ્યવહારના દુરાગ્રહમાં રોકાઈ રહીને પ્રવર્તતા પણ જીવનને કલ્યાણ થવું સંભવતું નથી.

આત્મહેતુભૂત એવા સંગ વિના સર્વસંગ મુમુક્ષુ જીવે સંક્ષેપ કરવા ઘટે છે કેમ કે તે વિના પરમાર્થ આવિર્ભૂત થવો કઠણ છે. અને તે કારણે વ્યવહાર, દ્રવ્ય સંયમરૂપ સાધુત્વ શ્રી જિને ઉપદેશ્યું છે. ૧૬૩

જેમ જેમ ચિત્તનું શુદ્ધિપણું અને સ્થિરત્વ હોય છે તેમ તેમ જ્ઞાનીના વચનોનો વિચાર યથાયોગ્ય થઈ શકે છે. સર્વ જ્ઞાનનું ફળ પણ આત્મસ્થિરતા થવી એ જ છે. ૧૬૪

નિમિત્તે કરીને જેને હર્ષ થાય છે, નિમિત્તે કરીને જેને શોક થાય છે, નિમિત્તે કરીને જેને ઇંદ્રિયજન્ય વિષય પ્રત્યે આકર્ષણ થાય છે, નિમિત્તે કરીને જેને ઇંદ્રિયને પ્રતિકૂળ એવા પ્રકારોને વિષે દ્વેષ થાય છે, નિમિત્તે કરીને જેને ઉત્કર્ષ આવે છે, નિમિત્તે કરીને જેને કષાય ઉદ્ભવે છે. એવા જીવને બને તેટલો તે તે નિમિત્તવાસી જીવોનો સંગ ત્યાગવો ઘટે છે અને નિત્ય પ્રત્યે સત્સંગ કરવો ઘટે છે. સત્સંગના અયોગે તથાપ્રકારના નિમિત્તથી દૂર રહેવું ઘટે છે. ૧૬૫

બોધ બે પ્રકારથી જ્ઞાની પુરુષોએ કર્યો છે. એક તો સિદ્ધાંતબોધ અને બીજો તે સિદ્ધાંતબોધ થવાને કારણભૂત એવો ઉપદેશ બોધ. જો ઉપદેશબોધ જીવને અંતઃકરણમાં સ્થિતિમાન થયો ન હોય તો સિદ્ધાંત–બોધનું માત્ર શ્રવણ થાય તે ભલે, પણ પરિણામ થઈ શકે નહિ. સિદ્ધાંતબોધ એટલે પદાર્થનું જે સિદ્ધ થયેલું સ્વરૂપ છે, જ્ઞાની પુરુષોએ નિષ્કર્ષ કરી જે પ્રકારે છેવટે પદાર્થ જાણ્યો છે, તે જે પ્રકારથી વાણીદ્વારાએ જણાવાય તેમ જણાવ્યો છે એવો જે બોધ તે **સિદ્ધાંતબોધ** છે પણ પદાર્થના નિર્ણયને પામવા જીવને અંતરાયરૂપ તેની અનાદિ વિપર્યાસભાવને પામેલી એવી બુદ્ધિ કે જે વ્યક્તપણે કે અવ્યક્તપણે વિપર્યાસપણે પદાર્થસ્વરૂપને નિર્ધારી લે છે. તે વિપર્યાસ બુદ્ધિનું બળ ઘટવા યથાવત્ વસ્તુસ્વરૂપ જાણવાને વિષે પ્રવેશ થવા જીવને **વૈરાગ્ય** અને **ઉપશમ** સાધન કહ્યા છે, અને એવા જે જે સાધનો જીવને સંસારભય દૃઢ કરાવે છે તે તે સાધનો સંબંધી જે ઉપદેશ કહ્યો છે તે **ઉપદેશબોધ** છે. ૧૬૬

સાત નય અથવા અનંત નય છે, તે બધા એક આત્માને જ અર્થે છે અને આત્માર્થ તે જ એક ખરો નય છે. નયનો પરમાર્થ જીવથી નીકળે તો ફળ થાય. છેવટે ઉપશમભાવ આવે તો ફળ થાય, નહીં તો જીવને નયનું જ્ઞાન જાળરૂપ થઈ પડે અને વળી અહંકાર વધવાનું ઠેકાણું છે. ૧૬૭ (ચાલુ)

# મનનું દુર્જયપણું.

## મુનિ લક્ષ્મીસાગરજી.

આ ત્રણ જગત ઘણાએ જીતી લીધા. એટલે કે ચક્રવર્તીપણું પામીને છ ખંડ જીત્યા, ઇંદ્રપણું પામીને અધોલોક તથા ઊર્ધ્વલોકનું સ્વામીત્વ મેળવ્યું. એવા પુરુષો પણ મનનો જય કરવા શકિતમાન થયા નહીં તેથી મનના જયની પાસે ત્રણ લોકનો જય પણ તૃણ સમાન છે, કારણ કે ચોથા પુરુષાર્થ મોક્ષની પ્રાપ્તિ કાંઈ ત્રણ લોકનો જય કરવાથી થતી નથી. તે તો મનનો જય કરવાથી જ થાય છે. એટલે કે મનને વશ કર્યું હોય તો મોક્ષમાં લઈ જાય છે અને મનને આધીન થયેલા પ્રાણીઓને સંસારમાં ભ્રમણ કરવું પડે છે. અહીં જો કે મનને જ મુખ્ય ગણ્યું છે, પરંતુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનનો પણ સ્વામી આત્મા છે, મન તેનું કિંકર છે; પરંતુ કોઇક વખત નોકર–મુનિમ–દીવાન વિગેરે માથાભારે થઇ સ્વામીને યુક્તિ–પ્રયુક્તિવડે પોતાને આધીન કરી અનેક પ્રકારે નચાવે છે, તેજ પ્રમાણે આ આપણા મનને આધીન થઇ પોતાનું કર્તવ્ય ચૂકી મનના કહ્યા પ્રમાણે જ ચાલે છે, તેથી તે આત્મહિત કરી શકતો નથી; માટે મનને જ આધીન કરવાનો પ્રયત્ન પ્રથમ કરવો. તેનો જય કર્યા પછી આત્મહિત કરવામાં કાંઇ પણ મુશ્કેલી રહેશે નહિ.

### મોહ અને વિવેકની પ્રતિસ્પર્ધીતા.

આ જગતમાં મોહ અને વિવેક એ બન્ને ખરેખરા એક બીજાના પ્રતિસ્પર્ધી છે. મોહ વિવેકને ભૂલાવે છે અને વિવેક આવે ત્યારે મોહ નાશ પામે છે. આ સંસારમાં પ્રાણીને પરિભ્રમણ કરવાનું કારણ મોહ જ છે અને તેનાથી છૂટવાનું–ઊંચા આવવાનું કારણ વિવેક જ છે. વિવેકરૂપ સૂર્યનો ઉદય થાય ત્યારે જ પ્રાણી પોતાના આત્મસ્વરૂપને જોઇ શકે છે, તે સિવાય આત્મસ્વરૂપનો બોધ થઇ શકતો નથી અને આત્મસ્વરૂપ યથાર્થ સમજાયા સિવાય મોહ નષ્ટ થતો નથી. એ બન્ને પરસ્પર કાર્ય-કારણભાવે વર્તે છે.

---

## જૈનોનું યોગદર્શન

યોગ એ ક્રિયામાર્ગનો પર્યાય છે. આ યોગ માર્ગ ઉપનિષદોમાં પ્રસંગોપાત વર્ણવવામાં આવ્યો છે. તે પછી દરેક દર્શનકારે પોતપોતાના સૂત્ર ગ્રંથોમાં સાધનરૂપે યોગને વર્ણવ્યો છે. મહર્ષિ ગૌતમે ન્યાય સૂત્રમાં ન્યાયના પેટામાં યોગનો વિષય લીધો છે. મહર્ષિ કણાદે વૈશેષિક દર્શનમાં યમ, નિયમ, શૌચ વગેરે યોગના અંગોને દેખાડયા છે. મહર્ષિ શ્રી કપીલે સાંખ્ય શાસ્ત્રમાં યોગને સમાવ્યો છે. શ્રી વેદવ્યાસે વેદાંત સૂત્રમાં ત્રીજા અધ્યાયનુ નામ “સાધન અધ્યાય” રાખી તેમાં યોગ ગાયો છે. શ્રી ભગવદ્ ગીતામાં આ યોગ શ્રી કૃષ્ણે ગાયો છે. ગીતામાં છઠ્ઠા અધ્યાયમાં યોગનું વિસ્તૃત વર્ણન છે. શ્રી ગીતા કહે છે કે—

**तपस्विभ्योऽधिको योगी, ज्ञानिभ्यश्चाधिको मत कर्मिभ्यो श्चाधिको योगी तस्माद्योगी भवार्जुन !**

મહાભારતના અનુશાસન પર્વમાં પણ યોગનો ઉપદેશ છે. યોગ વાશિષ્ઠમાં પણ યોગ સરસ રીતે છવાયલો છે ભાગવતમાં પણ યોગનું વર્ણન છે. તાંત્રિક ગ્રંથોમાં પણ યોગની પ્રક્રિયાઓ મળે છે, મહાનિર્વાણ તંત્ર અન ષટચક્રનિરૂપણ આદિ ગ્રંથો યોગનું વર્ણન કરે છે.

યોગના બે માર્ગો છે. રાજયોગ અને હઠયોગ. તેમાં સર્વે શાસ્ત્રોએ રાજયોગને પ્રશંસ્યો છે. આસન, પ્રાણાયામ વિગેરેથી યોગની પ્રાપ્તિ હઠયોગપ્રદિપિકામાં સાધન્ત વર્ણવી છે. શ્રી ગીતાની જ્ઞાનેશ્વરી મહારાતી ટીકામાં યોગનું સવિસ્તર વર્ણન છે, મૈથિલ પંડિત ભવદેવનો રચેલ યોગ નિબંધ યોગને વર્ણવી બતાવે છે. કબીરજીનો બીજક ગ્રંથ યોગની પ્રક્રિયાઓ વર્ણવે છે.

યોગ માટે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પુસ્તક મહર્ષિ પતંજલીનું યોગદર્શન છે તે **अथ योगानुशासनम्** થી શરૂ કરી **योगश्चितवृत्तिर्निरोधः** એમ યોગની વ્યાખ્યા કરે છે. યોગશાસ્ત્રના પાયારૂપ પતંજલીનું યોગશાસ્ત્ર યોગ વિષયના સર્વોત્તમ ગ્રંથ તરીકે સર્વત્ર સ્વીકારાયો છે. આ યોગશાસ્ત્રના ૪ પાદ અને ૧૯૫ સૂત્રો છે. સમાધિ, સાધન, વિભૂતિ અને ચોથું કૈવલ્ય પાદ. છ યોગને માટે આ ગ્રંથ ચાવી રૂપ છે. એ યોગશાસ્ત્ર સર્વ દર્શન સમન્વય રૂપે લખાયો છે. એની દૃષ્ટિ અતિ વિશાળ છે.

જૈન દર્શન ઉપર યોગશાસ્ત્રનો પ્રભાવ વિશે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ષપણે પડયો છે. આ બંને દર્શનોનું સામ્ય અધિક પ્રમાણમાં (૧) શબ્દ, (૨) વિષય અને (૩) પ્રક્રિયામાં સામ્ય દેખાય છે. જૈન તત્ત્વજ્ઞાનમાં નિવૃત્તિનું તત્વ પ્રધાનપણે મનાયું છે. મહાયોગી શ્રી મહાવીરસ્વામીએ બાર વરસ સુધી મૌન ધારણ કરી યોગ કરી આત્મચિંતન કર્યું હતું ત્યારથી જૈન ત્યાગીઓમાં યોગને પ્રાધાન્ય અપાયું છે. જૈનોના આગમોમાં પાંચ યમો, તપ, સ્વાધ્યાયને પ્રાધાન્ય અપાયું છે. યોગનું મુખ્ય અંગ ઇન્દ્રિયવિજય જૈન ધર્મનું મુખ્ય અંગ છે, પ્રત્યાહાર જૈન સાધુઓના જીવનમાં વણાયલું છે. જૈન ધર્મ યોગની એકાગ્રતાને પોતાના ધર્મમાં સ્થાન આપે છે, પરંતુ જૈન ધર્મ અહંત્વ, મમત્વનો ત્યાગ એ યોગની ખરી ભૂમિકા ગણે છે. એને જ પારમાર્થિક યોગ દેખાડે છે. યોગ જૈન આચાર શાસ્ત્રમાં વર્ણવેલો છે.

જૈન શાસ્ત્ર આત્મચિંતનને જીવનનું મુખ્ય ધ્યેય ગણે છે. નિવૃત્તિમાં પ્રવૃત્તિ બોધે છે. એને જ જૈન ઉત્તરાધ્યયનમાં "અષ્ટ પ્રવચનમાતા" કહેલ છે. સ્વાધ્યાય અને ધ્યાન જૈન સમ્યક્ દર્શનમાં ઉપયોગી છે. ધ્યાન એ યોગનો પર્યાય છે.

જૈન આગમ પછી જૈન નિર્યુક્તિમાં યોગનું સ્પષ્ટીકરણ છે. વાચક ઉમાસ્વાતિરચિત તત્ત્વાર્થસૂત્રમાં ધ્યાનના જુદા જુદા અંગો સ્પષ્ટ કરવામાં આવ્યા છે. જિનભદ્રગણી ક્ષમાશ્રમણની બનાવેલ પુસ્તિકા ધ્યાનશતક ધ્યાન ઉપર જ રચાઇ છે.

જૈન યોગશાસ્ત્રમાં હવે હરિભદ્રસૂરિએ મહત્વનો પ્રકાશ આપ્યો. એમણે યોગબિંદુ, યોગદૃષ્ટિસમુચ્ચય, યોગવિંશિકા, યોગશતક રચ્યા છે. ષોડશક એ પણ એમનો ગ્રંથ છે. શ્રી હરિભદ્રસૂરિ યોગી હતા. એમણે પાતંજલ યોગદર્શનના પાયા ઉપર સરસ ઇમારત ઊભી કરી છે. હરિભદ્રસૂરિ ઉદાત્તાત્મા છે. પાતંજલ યોગદર્શનનું રૂણ મુક્ત કંઠે સ્વીકારે છે. યોગપ્રક્રિયાના રૂઢ શબ્દોની સાથે જૈન સંકેતોનું સુંદર સંમિશ્રણ કરે છે. તે સિવાય યોગની આઠ દૃષ્ટિઓનું નવીન સરસ વર્ણન આપે છે.

જૈન આગમમાં હેમચંદ્રસૂરિ સૂર્ય હતા. એમની વિદ્વત્તા, સર્વગ્રાહી શક્તિ, એમની સૂક્ષ્મ શાસ્ત્રદૃષ્ટિ, એમની વ્યાપક બુદ્ધિમત્તા ખરેખર અનુપમ છે એ જમાનામાં સૂરિજી આખા ભારતમાં સર્વ શ્રેષ્ઠ વિદ્વાન હતા. કોઇ પણ સાહિત્યના વિષયને ન્યાય આપવા એમની પ્રખર વિદ્વત્તા પ્રકાશિત રહે છે. સૂરિજીએ યોગની વ્યાખ્યા જૈન સંકેતો અને શૈલી મુજબ કરી છે. સૂરિજીએ મનની ચાર અવસ્થાઓનું વર્ણન કર્યું છે. (૧) વિક્ષિપ્ત, (૨) યાતાયાત (૩) શ્લિષ્ટ (૪) સુલિન.

યોગશાસ્ત્રના ક્ષેત્રમાં સૂરિજી પછી બીજું નામ ઉપાધ્યાય યશોવિજયજીનું છે. એઓ પણ સમર્થ વિદ્વાન અને યોગી હતા. જૈન અને જૈનેતર યોગનું એમને વ્યાપક જ્ઞાન હતું આથી એમના અધ્યાત્મસાર, અધ્યાત્મોપનિષદ અને બત્રીસીઓ સર્વે દર્શનોના જિજ્ઞાસુઓને સમાન ભાવે ઉપયોગી છે. ઉપાધ્યાયજી યોગના અનુભવી હતા. કોઇ પણ જૈન સાધુને હઠયોગ ઉપર પક્ષપાત નથી. આત્મચિંતન માટે જ યોગદૃષ્ટિ સ્વીકારે છે. યશોવિજયજી જૈન યોગ મંતવ્યોની પરિભાષાનો જૈનેતર દર્શનો સાથે સુયોગ્ય મિલન કરી પોતાની સમ્યગ્દ્રષ્ટિ દેખાડે છે. એમણે મહર્ષિ પતંજલિકૃત યોગદર્શન ઉપર લઘુવૃત્તિ લખી છે એમાં યોગ સાથે સાંખ્ય પ્રક્રિયા પણ વર્ણવી છે. જૈન અને જૈનેતર પરિભાષાનો છૂટથી ઉપયોગ કર્યો છે. ઉપાધ્યાયજી સૂક્ષ્મતત્ત્વવેત્તા અને ગુણગ્રાહક હતા. શ્રી ભગવદ્ ગીતાનો પણ એમણે સર્વગ્રાહી દૃષ્ટિથી ઉપયોગ કર્યો છે.

શ્વેતાંબર જૈન સહિત્યમાં યોગસાર નામનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્રંથ કોઈ આચાર્યનો બનાવેલો મળ્યો છે. હેમસૂરિજીના યોગશાસ્ત્રની પદ્ધતિ અનુસારે છે.

દિગમ્બર જૈન સાહિત્યમાં પણ યોગ માટે યોગ સંબંધીના થોડાક ગ્રંથો, પુસ્તકો મળે છે. બે નાની પુસ્તિકા "ધ્યાનસાર"ને "યોગ-પ્રદીપ" છે. જૈન યોગમાં નિવૃત્તિ તત્વની પ્રાધાન્યતા સ્વીકારવામાં આવી છે, અને યોગને ધ્યાન એક જ અર્થમાં વપરાય છે. છેવટે યોગ સંબંધી હરિભદ્રસૂરીના બે શ્લોકો આપી આ લેખ સમાપ્ત કરશે. એમાં સંપ્રજ્ઞાત અને અસમપ્રજ્ઞાત સમાધિનું વર્ણન છે.

**समाधिरेष एवान्यैः संप्रज्ञातोऽभिधीयते ।**
**सम्यक प्रकर्षरूपेण वृत्यर्थज्ञानतस्तथा ॥**
**असम्प्रज्ञात एषोऽपि समाधिर्गीयते परै ।**
**निरुद्धशेषवृत्या दिनत्स्वरुपानुवेघतः ॥**

હરિભદ્રસૂરિના યોગ સંબંધી માટેના વિચારો માટે આવતો લેખ જુઓ.

**ડુંગરશી ધરમશી સંપટ.**

---

# સમ્યગ્જ્ઞાનની કુંચી

## યોગની અદ્ભૂત શક્તિ

( ગતાંક પૃષ્ઠ ૭૯ થી શરૂ )

હિન્દના યતિઓ આલસ્યની પ્રતિમૂર્ત્તિ રૂપ છે એમ ખાસ કરીને યુરોપ અને અમેરિકાના ઘણા મનુષ્યો માને છે. હિન્દના યતિઓ આથી યુરોપ અને અમેરિકામાં અનેકવાર ટીકાનો વિષય થઈ પડે છે. ઉચ્ચ કોટિના યોગી મનુષ્યો કેવાં મહાન્ અદ્ભુત કાર્યો કરી શકે છે તેનું ટીકાકારોને કશુંયે જ્ઞાન નથી હોતું. યોગીઓના સંબંધમાં પ્રાયઃ અજ્ઞાનને કારણે જ તેમના સંબંધમાં અનેક રીતે ટીકાઓ થયા કરે છે અને થાય છે. સ્વામી રામતીર્થ જ્યારે અમેરિકા ગયા ત્યારે એક વિદ્વાન્ અમેરિકને હિન્દના યતિઓ અને યોગીઓના સંબંધમાં ટીકા કરતાં, હિન્દના યતિઓ અમેરિકામાં આવે તેથી અમેરિકામાં આલસ્યનો પ્રાદુર્ભાવ થાય એમ જણાવી, અમેરિકામાંથી તુરત ચાલ્યા જવાની સ્વામીજીને તાકીદ પણ કરી હતી. સ્વામીજીને કંઇ સારું કામ કરવાનો બોધ પણ આપ્યો હતો.*

સ્વામીજીને આ ટીકાથી લેશ પણ સંક્ષોભ ન થયો.

સ્વામીજીએ સામાન્ય રીતે હિન્દના યતિઓ

---

* પાશ્ચાત્યોનું સત્કાર્ય ( સત્કાર્યો ) દુઃખી અને ઈજા પામેલા મનુષ્યોને તાત્કાલિક મદદ અને અનાથોને તાત્કાલિક સહાય એટલામાં જ આવી જાય છે, પાશ્ચાત્યો દુઃખી અને અનાથ મનુષ્યોને પ્રાયઃ હંમેશને માટે સહાય નથી કરતા. જે મનુષ્યોને જીવન–નિર્વાહ નિમિત્તે પોતાનો બધો સમય કોઈ ને કોઇ કામમાં જ વ્યતીત કરવો પડે છે, તેઓ દુઃખી મનુષ્યોને હંમેશ મદદ ન જ કરી શકે એ દેખીતું છે. અનાથ મનુષ્યોને તાત્કાલિક રાહત જ મળે છે અને એ રીતે સહાયનું સ્વરૂપ આધ્યાત્મિક પ્રતિનું નથી હોતું. એ સહાયથી સહાય આપનારને માનસિક કે આધ્યાત્મિક શાંન્તિ ભાગ્યેજ પરિણમે છે. મનુષ્યને ખરી શાન્તિ ધર્મથી જ મળી શકે છે. જે ઉદારતા કે સહાયમાં ધર્મ–તત્વ જ ન હોય તે ઉદારતા કે સહાય નિરર્થક જ કહી શકાય. એ ઉદારતા અને સહાયનું ક્ષેત્ર સંકુચિત હોય છે. તેથી પરમ ધ્યેયની સિદ્ધિ નથી થઇ શકતી. ધર્મ, જીવનમાં જ સાચી અને સર્વ પ્રકારની ઉદારતા સંભવી શકે છે. એ ઉદારતા અત્યંત ઉપયુક્ત છે. તેથી સત્ય ધ્યેયની પ્રાપ્તિ પણ થઇ શકે છે. એકલી ઉદારતા ધર્મભાવના અને ઉચ્ચ સદ્ગુણના પરિણામરૂપે ભાગ્યે જ સંભવી શકે છે. ધર્મભાવના યુક્ત ઉદારતા જ પરમ કલ્યાણકારી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ખાસ કરીને પોતાને માટે થયેલી ટીકાનો સુંદર જવાબ આપતાં જણાવ્યું હતું કેઃ-

"સત્કાર્ય તો આ જગતમાં સર્વત્ર થઈ રહેલ છે. હું અને મારો પરમાત્મા પોતાનું સત્કાર્ય કર્યા કરશે. આલસ્યના સંબંધમાં મારે એટલું જ કહેવાનું છે કે, કૃત્રિમ દ્રશ્યો અને ટાપટીપના બોજામાં ડૂબી જવું એ જ આલસ્ય છે. પ્રભુને બદલે દ્રવ્ય આદિની પ્રાપ્તિમાં સમય વ્યતીત કરવો એ પણ આલસ્ય જ છે. મનુષ્યને ખાનપાન, નિદ્રા, હાસ્ય, રૂદન આદિ કોઈ પણ સ્થિતિમાં સ્વાતંત્ર્ય ન હોય તો તે પણ આલસ્ય જ કહી શકાય. જીવનની જે ધમાલમાં શાન્તિ જ ન હોય તે જીવન આલસ્ય રહિત કેમ કહી શકાય? એ ધમાલને પડતી મૂકી મનુષ્ય નૈસર્ગિક સુખમાં મગ્ન થાય તો જ જીવન ખરી રીતે આલસ્યરહિત બને. પાશ્ચાત્યો ભ્રાતૃભાવથી સર્વથા વંચિત છે. તેઓ અહંભાવથી પ્રાયઃ એટલા બધા ઓતપ્રોત થઇ ગયા છે કે, તેમનો વાસ્તવિક ઉદ્ધાર ન જ થાય. પાશ્ચાત્યોની એકંદર સ્થિતિ ખરેખર દયાપાત્ર છે. તેમણે કૂપમંડક દશામાંથી મુક્ત થઈને વિશ્વના ચોગાનમાં આવવું જોઇએ. પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમભાવ કેળવવો જોઇએ. દુ:ખી મનુષ્યોનાં દ્રવ્ય-શોષણરૂપ ભયંકર રક્તપાતથી પાશ્ચાત્યો કદાપિ સુખી નહિ જ બને. કૃત્રિમતા અને અશાન્તિનું નિવારણ નહિ જ થાય. પાશ્ચાત્યો શા માટે આટલો બધો દંભ સેવે છે એ નથી સમજાતું. જે કૃત્રિમતામાં જીવનનો ખરો આનંદ લુપ્ત થાય તે કૃત્રિમતા સત્વર પરિહાર્ય થઇ પડે છે."

(ચાલુ)

# વર્તમાન સમાચાર.

## શ્રી જિનાગમપ્રકાશિની સંસદ્

પાટણ(ગુજરાત)માં બિરાજતા ઇતિહાસ-સંશોધક પ્રખર સાહિત્યપ્રેમી **મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી** મહારાજ સાહેબના પ્રયાસથી જૈન આગમોનું સુંદર ને શુદ્ધ સંશોધન કરી પ્રકાશન કરવાનું કાર્ય હાથ ધરવાનું ઠરતાં શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિરમાં તેની સ્થાપના માગશર શુદિ ૭ બુધવારના રોજ કરવામાં આવી. આ સંસ્થાના કાર્યવાહક મંત્રી તરીકે શાહ **કેશવલાલ** મંગળચંદ તથા શાહ **ચિમનલાલ** મોહનલાલની વરણી કરવામાં આવી છે. આ આગમોના સંશોધન કાર્યને અંગે લગભગ રૂા બે લાખ જેટલી રકમ નોંધાઇ ચૂકી છે. આ ઉદ્ઘાટન સમયે બહારગામના અનેક સાહિત્યરસિકો તરફથી પ્રાચીન સાહિત્ય અંગે યોગ્ય વિવેચનો થયા હતા.

**જૈન સોસાયટી** (અમદાવાદ) તા. ૨૨-૧૧-૪૪ ના મુનિરાજ **દર્શનવિજયજી** (ત્રિપુટી) મહારાજના પ્રમુખપણા નીચે જૈન પ્રાચ્ય વિદ્યાભવનની સ્થાપના કરવામાં આવી છે. મંગલાચરણ થયા બાદ ઉક્ત પ્રાચ્ય વિદ્યાભવનની જરૂરીયાત માટે અનેક વિદ્વાન મુનિરાજો તથા અન્ય વિદ્વાન વકતાઓએ વિવેચનો કર્યાં હતાં. આ સંસ્થાને પાંચ વર્ષની મદદ તરીકે રૂપીયા ૪૭૦૦૦) મળેલ છે. તેના સભ્યો લગભગ ૭૫ છે તેમજ કોલેજોમાં અર્ધમાગધી ભણતા વિદ્યાર્થીઓએ અભ્યાસ કરવાની શરુઆત કરી છે તે માટે પાંચ પંડિતો રોકવામાં આવ્યા છે. જૂના પુસ્તકોનું સંશોધન અને પ્રકાશન તેમજ અલભ્ય પુસ્તકો ફરી લખાવવા તે સંબંધી યોજના પણ વિચારાઇ રહી છે.

## શાહ બાબુભાઇ કુંવરજીનો સ્વર્ગવાસ.

ભાઇ બાબુભાઈ થોડાક માસની બિમારી ભોગવી માગશર વદી ૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. આ શહેરના જૈન સંઘમાં અગ્રગણ્ય, અનાજના મોટા વેપારી, મિલનસાર અને માયાળુ હતા. તેઓ આ સંસ્થાના સભ્ય હતા. તેમના સ્વર્ગવાસથી એક સારા સભાસદની ખોટ પડી છે. તેમના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ એમ ઇચ્છીએ છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

## દાનવીર આદર્શ માતાનું પરલોકગમન.

કલકત્તા જ્યુટ બેલર્સ એસોસીએશન આદિના પ્રમુખ દાનવીર બાબુસાહેબ **શ્રી ડાલચંદજી** સીંઘીના ધર્મપત્ની શ્રીમતી **મુન્નીકુમારીબીબી** સાહેબા ૭૭ વર્ષની ઉંમરે તેમના રહેઠાણ કલકત્તા બાલીગંજ મુકામે તા. ૧૦-૧૧-૪૪ ના રોજ દેવલોક પામ્યા છે, જેથી સમાજે એક મહાન સ્ત્રીરત્ન ગુમાવ્યું છે.

પ્રથમ તેઓશ્રી આદર્શ અને અજીમગંજના અગ્રગણ્ય કાર્યકુશલ પતિના ધર્મપત્ની તરીકે અને પછી ધર્મપરાયણ અને મહાનપુરુષ જૈન દાનવીર નરરત્ન બાબુસાહેબ **બહાદુરસિંહજી** પુત્રના માતુશ્રી તરીકે યથાર્થ રીતે જીવી જાણ્યું છે.

માતા પુત્રનો એટલો જ્વલંત પ્રેમ હતો કે શ્રીમાન બાબુ સાહેબ શ્રી બહાદુરસીંહજી સીંઘી સાહેબના પરલોકગમનથી એમને અતિશય દુઃખ થતાં અને એ દુઃખને મીટાવવા, પોતાના પ્રિય પુત્ર પછી ચાર માસ પછી પોતે પણ, ચાલી નીકળ્યા.

એમની બુદ્ધિચાતુર્યતા, એનો દાની સ્વભાવ એટલો બધો ઉત્તમ હતો કે એમના યશસ્વી પતિ ને પુત્રને એમની સલાહ કાર્યોમાં ઉપયોગી થઇ પડતી. આ આદર્શ માતુશ્રીએ ઇ. સ. ૧૯૨૭માં રૂા. બાર લાખની સખાવત કરી હતી. તદુપરાંત પોતે ૨ લાખ રૂપીઆથી અધિક રૂપીઆ દાન કરવા માટે પોતાની પાછળ મૂકી ગયા છે. તેઓશ્રીના સ્વર્ગવાસથી સમાજે એક મહાન સ્ત્રીરત્ન ગુમાવ્યું છે, એમ કહીએ તો તેમાં જરાય ખોટું નથી.

અંતમાં એ મહાન પવિત્ર આત્માને અખંડ અનંતશાંતિ પ્રાપ્ત થાઓ એમ આ સભાની પરમ કૃપાળુ પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે.

## વિષયાનુક્રમ.


| | | |
|---|---|---|
| ૧ નમ્ર સુચના | ( સભા ) | પા. ૮૫ |
| ૨ શ્રી સંભવજિન સ્તવન | ( મુનિ૦ લક્ષ્મીસાગરજી મ૦ ) | પા. ૮૫ |
| ૩ શ્રી વીરવિભુની સ્તુતિ | ,, | પા. ૮૫ |
| ૪ વિશુદ્ધધર્મ | ( મુનિ૦ હેમેન્દ્રસાગરજી મ૦ ) | પા. ૮૬ |
| ૫ પરમાર્થસૂચક વિચાર સંગ્રહ | ( મુનિ૦ શ્રી પુણ્યવિજયજી મ૦ ) | પા. ૮૭ |
| ૬ મનનું દુર્જયપણું... | ( મુનિ૦ લક્ષ્મીસાગરજી ) | પા. ૮૯ |
| ૭ જૈનોનું યોગદર્શન | ( શ્રી ડુંગરશી ધરમશી સંપટ ) | પા. ૯૦ |
| ૮ સમ્યક્જ્ઞાનની કુંચી.-યોગની અદ્‌ભૂત શક્તિ | ( બાબુશ્રી ચંપતરાયજી ) | પા. ૯૨ |
| ૯ વર્તમાન સમાચાર | | પા. ૯૩-૯૪ |


મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only